વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલી વિગતની જમીન **શ્રી પ્રવિણચંદ્ર ઈશ્વરલાલ પટેલ અને શ્રીમતિ સુધાબેન પ્રવિણચંદ્ર પટેલ**, રહે.: મોજે ગામ ટકારમાં, તા.: ઓલપાડ, જી. સુરતનાં પોતાની વારસાઈથી માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું અને જમીનના ટાઈટલ્સ ફક્ત તેઓના હાથમાં સંપૂર્ણ ચોખ્ખા, બોજારહિત અને માર્કેટેબલ હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ કરવા માંગે છે. આ વેચાણ વ્યવહાર બાબતે જો કોઈને વાંધો યા તર–તકરાર હોય યા સદર જમીનમાં કોઈપણ શખ્શ કે નાણાંકીય સંસ્થા વિગેરેનાં સીધા કે આડકતરા કોઈપણ પ્રકારના હકક–અધિકાર હોય યા મજકુર જમીનનાં અગાઉના જમીન માલિકો સહિતના કોઈને પણ વાંધા યા તર-તકરાર હોય, તો તેવા વાંધા યા તર–તકરાર કે હકક–અધિકારો બાબતનાં કાયદેસરનાં પુરાવાઓ નીચેનાં સરનામે **દિન ૧૫ (પંદર)** માં આપી જવા. મુદતમાં એવો સંપર્ક કરવામાં નહિં આવશે તો કોઈનાં હકક–અધિકારો મજકુર જમીનમાં ન હતા અને નથી તેમજ કોઈને વાંધો યા તર-તકરાર નથી અને જો કોઈ હકક-અધિકાર કે વાંધો યા તર-તકરાર હોય તો તે તમામ જતા કરેલા છે તેમજ આ વેચાણ વ્યવહાર બાબતે કોઈને પણ વાંધો યા તર–તકરાર નથી એવુ માનીને હમારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. મુદત બાદનાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક–અધિકાર, વાંધા કે તકરાર ચાલશે નહિં, જેની નોંધ લેશા.

જમીનનું વિગત વર્ણન : જી. સુરત, તા. ઓલપાડ, ગામ ટકારમાં, ખાતા નં.: ૮૩, રે.સ. નં.: ૮/૧૧૯, બ્લોક નં.: ૬૨/બ થી નોંધાયેલી ખેતીની જમીન પૈકી ઉત્તર દિશા તરફથી નહેર બાજુની ૫.૯૮ વિંઘા જમીન યાને સુમારે ૧૪૨૨૬ સમ ચો.મી. ના ક્ષેત્રફળવાળી જમીન.

જી/૧, "તારાનોમ", બી-વિંગ,લાલભાઈ કોન્ટ્રાકટર કોમ્પ.ની પાછળ,નિલકંઠ મહાદેવ મંદિરની બાજૂમાં, નાનપુરા, સુરત. સમય સવારે ૧૦ થી ૧૨, સાંજે : ૭ થી ૯ (તા. ૨૫-૦૩-૨૦૨૬)

અસીલની સુચનાથી
સંદીપ ડી. નાયક
(એડવોકેટ)

-:: જાહેર નોટીસ/સમન્સ ::-

મહેરબાન સુરતના બીજા એડીશનલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં

અરજદાર/વાદી : ફરીદભાઈ કાસમભાઈ શેખ, વિગેરે.... રે.દરખાસ્ત નંબર :- ૧૪ સને ૨૦૨૨

વિરુધ્ધ — વકીલશ્રી :-રાકેશ ડી. ચૌહાણ/સંદિપ જી. પટેલ

સામાવાળા/પ્રતિવાદી :- (૧) હુશેનમીયાં નૂરમહમદના વારસો -
(૧) આયશાબીબી હુશેનમીયાં નૂરમહમદની વિધવા, (૨) હલીમાબીબી હુશેનમીયાં નૂરમહમદ, (૩) હાજરાબીબી હુશેનમીયાં નૂરમહમદ, (૪) ઈદરીશમીયા હુશેનમીયાં નૂરમહમદ, (૫) ફાતમાબીબી હુશેનમીયાં નૂરમહમદ, (૬) ફરીદમીયાં હુશેનમીયાં નૂરમહમદ, (૭) મહેમુદમીયાં હુશેનમીયાં નૂરમહમદ, (૨) હાજીમીયાં નૂરમહમદ, (૩) રસુલમીયાં નૂરમહમદ, (૪) પીરમહમદ ફેજમહમદ. તમામ રહેવાસી :- ૪/૨૯૮૭-૮૮, બેગમપુરા, મુગવાન ટેકરા, દરગાહ સ્ટ્રીટ, સુરત ૭

આથી લાગતા વળગતા તમામ ઈસમોને નામદાર કોર્ટના ઓક-પલની અરજી પરના હુકમ મુજબ આ જાહેર સમન્સ/નોટીસ થકી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદાર/વાદીએ રે. દિવાની. મુકદમા નં :- ૧૧૦૬૬ સને ૧૯૮૧ ના કામે થયેલ હુકમ અંગે દરખાસ્ત કરેલ છે. જેમાં અરજદાર/વાદી નં-૨ નસીરભાઈ કાસમભાઈ શેખ તારીખ- ૨૧/૦૫/૨૦૨૨ ના રોજ ગુજરી જતા તેઓના વારસદારો જોડેલ હોય તથા હાલની આ દરખાસ્ત વિરુધ કાયદેસરની કાર્યવાહી સામે આ કામના સામાવાળા નં- ૧ (૧થી ૭) તેમજ ૨ થી ૪ નાઓને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓ જાતે તથા વકીલ મારફતે તારીખ- ૦૮/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂમ નં. ૬૧૯, છઠ્ઠો માળ, નામદાર કોર્ટમાં હાજર થઈ વાંધા રજુ કરવા. જો તેમ કરવામા કસુર કરશો તો નામદાર કોર્ટ આ દરખાસ્ત સાંભળી કાયદા મુજબનો નિકાલ કરશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (હાર્દિક આર. ખુટ) આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર (શ્વેતા વી.કે) સુપ્રિટેન્ડન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી (હીના દેસાઈ) રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ

જાહેર નોટીસ

મહેરબાન સુરતના એડીશનલ સ્મોલ કોઝ જડજ શ્રી બી.સી.ભલીયા સાહેબની કોર્ટમાં.
રૂમ નંબર – ૭૧૯, સાતમાં માળે, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.

આંક –

વાદી :– સુરેશચંદ્ર બાલુભાઈ લાકડાવાલા વિગેરે. — સ્મોલ દિ.મુ. નંબરઃ ૩૬૫ સને ૨૦૧૯. વાદીના વકીલ શ્રી જતીન જે. ગાંધી/ વકીલ શ્રી શૈલેષ વી. જાદવાણી

વિરૂધ્ધ

પ્રતિવાદી :– ગલેમંડી ચાર સંપ્રદાય મંદિર ટ્રસ્ટ વિગેરે.

પ્રતિવાદી નંબર – (૧૪) :– વિરેન્દ્રભાઈ ગોવિંદભાઈ ડોબરીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજૂમાં, સુમુલ ડેરી રોડ, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૫) :– હસમુખભાઈ શંભુભાઈ ચોવડીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૪૦૩, રૂબી એપાર્ટમેન્ટ, વરાછા રોડ, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૬) :– પ્રવિણભાઈ વજુભાઈ ગજેરા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૩–૧૦૦૪, મોડેલ ટાઉન એજન્સી, સારોલી સાંસ્કૃતિક ભવન પાસે, સારોલી, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૭) :– પ્રફુલભાઈ ગોવિંદભાઈ ડોબારીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજૂમાં, સુમુલ ડેરી રોડ, સુરત.

પ્રતિવાદી નંબર – (૧૮) :– વિઠ્ઠલભાઈ કેશવભાઈ ઝડફીયા, ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૩૦૨, એ/૧, અભિષેક બિલ્ડીંગ, સુદામા ચોક, મોટા વરાછા, સુરત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, સદરહું દાવાના વાદીઓએ પ્રતિવાદી નંબર– (૧) ગલેમંડી ચાર સંપ્રદાય મંદિર ટ્રસ્ટના નવા ટ્રસ્ટીઓ તરીકે પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ રીસ્પોન્ડન્ટ નંબર–(૧૮) ના ઓના નામે પી.ટી.આર. માં દાખલ કરવામાં આવેલ જેથી તેઓને સદર દાવાના કામમાં પક્ષકાર તરીકે જોડવા માટે આંક –૪૮ થી સુધારા અરજી આપેલી જે સુધારા અરજીના પ્રોસેસોની વખતો વખત બજવણી કરવા છતાં બજી આવેલ નહીં જેથી આ કામના વાદીઓએ આંક–૫૧ થી તા. ૧૦/૧૧/૨૦૨૫ ના રોજ સી.પી.સી. ઓર્ડર–૫ રૂલ–૨૦ ના પ્રબંધ હેઠળ સદર સુધારા અરજીના પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૮) ના ઓને જાહેર સમન્સથી બજવણી કરવા અંગેની અરજી આપેલી જે અરજી નામદાર કોર્ટે મંજુર કરેલ છે. જેથી આ જાહેર નોટીસ થકી સદર સુધારા અરજીના પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૪) થી પ્રપોઝ પ્રતિવાદી નંબર–(૧૮) ના ઓ પોતે જાતે યા પોતાના વકીલશ્રી યા પ્રતિનિધિ મારફતે તા. ૨૭/૦૩/૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર થઈ જવાબ રજૂ કરે અને જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ સદર સુધારા અરજી સાંભળી કાયદા મુજબ સુધારા અરજીનો આખરી નિકાલ કરશે તેની નોંધ લેવી.

આજ તારીખ ૦૯ માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરીને આપ્યું.

તૈયાર કરનારઃ (રૈનિલ બી.પટેલ) આસીસ્ટન્ટ | મુકાબલ કરનારઃ (એ.એસ.રબારી) સુપ્રિન્ટેન્ડન્ટ | હુકમથી (પી.કે.દેસાઈ) રજીસ્ટ્રાર સ્મોલ કોઝ કોર્ટ, સુરત

જાહેર સૂચના અમદાવાદ ખાતે ગુજરાત હાઇકોર્ટમાં

સિવિલ એપ્લીકેશન (ફોર કોન્ડોનેશન ડીલે) નં.૩૮૮૭/૨૦૨૫ માં
એફ/સિવિલ રિવીઝન એપ્લીકેશનમાં ૧૯૦૦૪/૨૦૨૫

રાજહંસ ઇન્ફ્રાકોન (ઇન્ડીયા) પ્રા.લિ. અને અન્યો... અરજદાર (ઓ)

વિરૂધ્ધ — મુદ્દત તારીખઃ ૦૨/૦૪/૨૦૨૬

રમેશભાઇ દયાનભાઇ પટેલ અને અન્યો..... સામાવાળા(ઓ) — જિલ્લો.સુરત

અરજદાર (ઓ) વતી વિદ્વાન વકીલ શ્રી દેશલ એ.મોદી
અરજદાર (ઓ) વતી વિદ્વાન સુશ્રી પ્રિયાંશી વી. ગાંધી

૨. ધનસુખભાઇ જયરામભાઇ પટેલ રહે. અંબિકા નિકેતન, અઠવાલાઇન્સ, સુરત.
૩૭.લક્ષ્મીબેન ભલાભાઇ રહે. વેસુ, તા.ચોર્યાસી, સુરત.
૩૫.વિનોદભાઇ રામજીભાઇ પટેલ રહે. એજવના, સુરત.
૩૮.સુરેશભાઇ ભલાભાઇ પટેલ રહે. વેસુ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
૩૯.ભારતીબેન ભલાભાઇ પટેલ રહે. વેસુ, તા.ચોર્યાસી, જી.સુરત.
૪૦.સોનાબેન @ શાંતુબેન રમેશભાઇ પટેલ રહે. વેસુ, તા.ચોર્યાસી, જી.સુરત-૩૯૫૦૦૭.
૪૧.રાજુભાઇ નટુભાઇ પટેલ રહે. વેસુ, તા.ચોર્યાસી,જી.સુરત.
૪૨.ભાણાભાઇ કાલીદાસ રહે.વેસુ, તા.ચોર્યાસી, જી.સુરત.
૪૩.કાલીદાસ રવજીભાઇ રહે. વેસુ ગામ, તા.ચોર્યાસી, જી.સુરત.
૪૪.રતિલાલ કાલીદાસ રહે. વેસુ, તા.ચોર્યાસી, જી.સુરત.
૫૫.નરેશભાઇ દયાનભાઇ કીનારીવાલા રહે.નાના હરિ શેરી, ભીમપોર, સુરત.
૫૬.હંસાબેન સતીષભાઇ પટેલ રહે. નાના હરિ શેરી, ભીમપોર, ડુમસ, સુરત.

નોંધ લેશો કે, ઉપરોક્ત નામવાળા અરજદારોએ રેગ્યુલર સિવિલ સુટ નં.૪૯૧/૨૦૧૮ માં વિદ્વાન ૯ માં એડીશનલ સિવિલ જજશ્રી, સુરત દ્વારા પસાર કરાયેલા હુકમ સામે અત્રેની હાઇકોર્ટ સમક્ષ સદરહુ સિવિલ રિવિઝન એપ્લીકેશન દાખલ કરવામાં થયેલ ૨૨ દિવસનો વિલંબ માફ કરવાની દાદ મેળવવા માટે એફ/સિવિલ રિવિઝન એપ્લીકેશન નં.૧૯૦૦૪/૨૦૨૫ માં સિવિલ એપ્લીકેશન (ફોર કોન્ડોનેશન ઓફ ડીલે) નં.૩૮૮૭/૨૦૨૫ રજૂ કરી છે.

જ્યારે એફ/સિવિલ રિવિઝન એપ્લીકેશન નં. ૧૯૦૦૪/૨૦૨૫ માં સી.એ.નં.૩૮૮૭/૨૦૨૫ માં સિવિલ એપ્લીકેશન નં.૧/૨૦૨૬ (ફોર સબસ્ટીટ્યુટ સર્વિસ)ને સાંભળતા અને મંજુર કરતા નામદાર કોર્ટે (કોરમઃ એડિશનલ રજિસ્ટ્રાર (જ્યુડિશિયલ)) તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ, ઉપરોક્ત સામાવાળા નં.૨,૩૫,૩૭ થી ૪૪,૫૫ અને ૫૬ કે જેઓને નોટીસ બજેલ નથી, તેમને જાહેર સુચના તરીકે જ્યાં ઉક્ત સામાવાળા નં.૨,૩૫,૩૭ થી ૪૪,૫૫ અને ૫૬ ખરેખર અને સ્પેશ્ચીક રીતે રહેતા, વ્યવસાય કરતા કે લાભ માટે વ્યક્તિગત રીતે કાર્ય કરતા છેલ્લે જણાયેલ હોય, તે વિસ્તારમાં વ્યાપક પ્રસાર ધરાવતા પ્રાદેશિક ભાષાના સ્થાનિક સમાચારપત્રમાં પ્રસિદ્ધ કરી નોટીસ પાઠવવા હુકમ કરેલ છે.

નોંધ લેશો કે, ઉક્ત એફ/સિવિલ રિવિઝન એપ્લીકેશન નં.૩૮૮૭/૨૦૨૫ માં સિવિલ એપ્લીકેશન (ફોર કોન્ડોનેશન ઓફ ડીલે) નં.૩૮૮૭/૨૦૨૫ ની સુનાવણી ૦૨ એપ્રિલ,૨૦૨૬ ના રોજ સવારનાં ૧૧.૦૦ કલાકે આ અદાલતમાં વિના વિલંબે થશે અને જો તમારા વતી તમો અથવા તમારા વકીલ અથવા તમારા વતી કાર્યવાહી કરવા માટે કાયદા દ્વારા અધિકૃત કોઇ વ્યક્તિ હાજર નહીં રહે, તો તમારી ગેરહાજરીમાં તેની સુનાવણી અને નિર્ધારણ કરવામાં આવશે.

અમદાવાદ ખાતે મુખ્ય ન્યાયમૂર્તિ સુનીતા અગ્રવાલના સાક્ષ્યે આજ તા.૨૦ મી ફેબ્રુઆરી,૨૦૨૬ ના રોજ.

કોર્ટનો સિક્કો — ન્યાયાલય દ્વારા આસીસ્ટન્ટ રજીસ્ટ્રાર

મુળ અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયા બાબતે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ તાલુકા મજુરા (સુરત સીટી) શહેર સુરતના મોજે ઉમરા વિસ્તારમાં આવેલ જુના રેવન્યુ સર્વે નં. ૬૩/૧ પૈકી + ૬૩/૧, ટી.પી. સ્કીમ નં.૪(ઉમરા-સાઉથ) ના ફાઈનલ નં.૭ થી નોંધાયેલ જમીનમાં આવેલ **''રાધેનગર કો.ઓ.હા.સોસાયટી લી.''** ના નેજા હેઠળ બંધાયેલ સોસાયટીમાં **બંગલા નં.૧૦** થી નોંધાયેલી મીલ્કત. જે મીલ્કત મૂળ **કોકીલાબેન બી. પટેલ**ને ફાળવી આપી તેઓને મુળ સભાસદ બનાવવામાં આવેલ હતા. ત્યારબાદ તેઓએ સદર પ્લોટ ઉપરની બાંધકામ સહીતની મીલ્કત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૩૪૦૩, તા.૬.૪.૧૯૮૩ થી મનહરલાલ મગનલાલ કીમયાગારને વેચાણ આપેલ. તેઓને સોસાયટીનાં સભ્ય તરીકે સોસાયટી તરફથી લેજર ફોલીયો નં.૧૦, શેર સર્ટીફીકેટ નં. ૮૪ થી રૂા. ૫૦/- નાં એક એવા શેર નંગ ૩૧ શેર, શેર નં. ૨૧૮ થી ૨૪૮, તા. ૩૧.૩.૧૯૮૫ ના રોજ ફાળવવામાં આવેલ છે. પરંતુ **કોકીલાબેન બી. પટેલ**ને મૂળ યાને પ્રથમ સભાસદ તરીકે ફાળવી આપવામાં આવેલ શેર સર્ટીફીકેટ તથા એલોટમેન્ટ લેટરનો કોઈ રેકર્ડ સોસાયટી પાસે ઉપલબ્ધ નથી. કારણ કે સને ૧૯૯૪, ૧૯૯૮, તથા ૨૦૦૬ ની સાલમાં સુરતમાં આવેલ મહારેલ તથા ઉધઈના કારણે સોસાયટીનો મોટા ભાગનો મૂળ રેકર્ડ નાશ થયેલ છે. હાલમાં સોસાયટી પાસે એમનો જુનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. હાલમાં મનહરલાલ મગનલાલ કીમીયાગારએ **કોકીલાબેન બી. પટેલ**ને મૂળ યાને પ્રથમ સભાસદ તરીકે દાખલ કર્યાનાં પુરાવાઓની માંગણી કરતી અરજી કરેલ છે. આથી જાહેર જનતા તથા હીત ધરાવનાર, તેમજ બેંક તથા ફાઈનાન્સીયલ ઈન્સ્ટીટયુશનને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે **કોકીલાબેન બી. પટેલ**ને મૂળ યાને પ્રથમ સભાસદ તરીકે નોધવામાં આવેલાનો કોઈ પુરાવો ઉપલબ્ધ નથી. માટે જો કોઈને કોઈપણ પ્રકારનો વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત કે તર-તકરાર હોય તો તે અંગેનો લેખીત વાંધો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) માં નીચે જણાવેલ સરનામે લેખીત પુરાવા સહીત ''રાધેનગર કો.ઓ.હા. સોસાયટી લી.'' ને જાણ કરવી. જો દિન-૧૦(દસ) ની મુદતમાં કોઈપણ ઈસમ, સંસ્થા યા બેંકના યા અન્ય કોઈપણ વ્યકિતઓના કોઈપણ જાતના વાંધાઓ આવશે નહી તો ત્યારબાદ સોસાયટી અરજદારને યોગ્ય કાયદેસરનો જવાબ આપશે. ત્યારબાદ હરકોઈનાં કોઈપણ જાતનાં વાંધા તેમજ તર-તકરારો ધ્યાનમાં લેવામાં આવશે નહી. તેની તમામ લાગતા વળગતાએ નોંધ લેવી.

પ્રમુખ/સેક્રેટરી
''રાધેનગર કો.ઓ.હા.સોસાયટી લી.''
સુરત ડીસ્ટ્રીકટ તા.મજુરા, મોજે ઉમરા રે.સર્વે નં.૬૩/૧ પૈકી + ૬૩/૧, ટી,પી.સ્કીમ નં.૪(ઉમરા-સાઉથ) ના ફાઈનલ પ્લોટ નં.૭ ઈચ્છાનાથ રોડ, સુરત ૩૯૫૦૦૭

શેર સર્ટીફીકેટ ગુમ થવા અંગેની નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ સબ-ડિસ્ટ્રીકટ તા. ચોર્યાસી (હાલ મજુરા), મોજે વેસુના રે.સ.નં. ૪૮, નવો રે.સ.નં. ૪૧, ટી.પી. સ્કીમ નં.૧, ફાયનલ પ્લોટ નં. ૮૫, ૮૬ તથા ૮૭ વાળી જમીન ઉપર આવેલ સારસ્વતનગર કો.ઓ. હાઉસીંગ સર્વિસ સોસાયટી લી. માં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ૬૩** ના સભાસદ તરીકે **શકુંતલાબેન અશ્વિનભાઇ પટેલ** ચાલી આવેલ છે. તેમનો શેર સર્ટીફીકેટ નં. ૪૦૬ થી ૫૦૦ ખાતા નં. ૬૩ છે તે ગુમ યાને ગેરવલ્લે થઇ ગયેલ હોવાની હકીકત હમારી સોસાયટીને જાણ કરી સોસાયટી પાસેથી ડુપ્લીકેટ શેર-સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદર પ્લોટો/મકાનો કે તે પૈકીના કોઇપણ પ્લોટ/મકાન ઉપર કે શેર-સર્ટીફીકેટ ઉપર કોઇપણ વ્યકિત, સંસ્થા કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત-સંબંધ બોજો કે ચાર્જ હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તેમના લેખિત વાંધાઓ પુરાવા સહિત સોસાયટીને અગર હમો એડવોકેટને સુપ્રત કરવા. જો એમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યેથી કોઇના કોઇપણ જાતના વાંધા-બોજા કે તકરાર નથી એમ સમજી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઇસ્યુ કરવામાં આવશે. જેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

સુરત. તા. ૨૪.૦૩.૨૦૨૬
ઓફીસ : ત્રીજો માળ, ૩૩૪, મારવેલા પેલેડીયમ, શ્યામ મંદિરની સામે, વી.આઈ.પી. રોડ, વેસુ, સુરત. મો. ૯૯૦૯૪ ૦૫૦૦૩.

સમીર આર. ભજીયાવાલા
દેવર્ષિ એલ બારોટ
તે સારસ્વતનગર કો.ઓ.હાઉસીંગ સર્વિસ સોસાયટી લી.ના એડવોકેટસ

ગામ ઉભરાટના સ.નં.૧૨૨/૨૪૩–૨૪૪ પૈકી પ્લોટ નં.૭૪, ૭૫,૮૨ તથા ૮૩ અંગે જાહેર નોટીસ

જી.નવસારી તા. જલાલપોર(જુના તા. નવસારી) મોજે ગામ ઉભરાટના રે.સ.નં.૧૨૨/૨૪૩–૨૪૪ પૈકી, જુનો બ્લોક નં. ૮૫૫ પૈકી ,બ્લોક નં.૨૫૯૩/૭ વાળી બીનખેતીની જમીનમાં આવેલ રહેઠાણ હેતુના પ્લોટો જેના માલીકો તથા પ્લોટોની વિગત નીચે મુજબ છે તેઓ પોતાના પ્લોટોવાલી મિલકત ચોખ્ખા અને ક્લીયર ટાઈટલવાલી હોવાનુ જણાવીને મારા અસીલને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાનુ નકકી કરેલ છે. મજકુર પ્લોટોવાલી મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ હકક હીત હીસ્સો અથવા વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન : ૭ માં મને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે તેવા કોઈના હકક હીત નથી અથવા હોય તો તે વેવ કરેલ છે, એમ શુધ્ધબુધ્ધીપુર્વક માનીને પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવશે, અને પાછળથી કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહી, તેની સર્વેએ નોંધ લેવી.

વિગત

ક્રમ	માલીકનુ નામ	પ્લોટ નંબર	ક્ષેત્રફળ
૧	માંગીલાલ ચંદનમલ બછાવત	૭૪	૪૧૮.૧૦ ચો.મી.
૨	મનીષ માંગીલાલ બછાવત	૭૫	૪૧૮.૧૦ ચો.મી.
૩	રાજેશ ઓમપ્રકાશ અગ્રવાલ	૮૨	૪૧૮.૧૦ ચો.મી.
૪	રાજેશ ઓમપ્રકાશ અગ્રવાલ	૮૩	૪૧૮.૧૦ ચો.મી.

મારી મારફત : **નીલકંઠરાય જે. વકીલ** (એડવોકેટ)
ઠે.૮,દર્શના સોસાયટી,નાનપુરા,કદમપલ્લી,સુરત મો.નં.૯૦૩૩૯૫૯૫૩૨

ન્યાયના વિશાળ હિતમાં જાહેર ચેતવણી

શહેર સુરતમાં રે.સર્વે નં. ૨૬/૩, "બી. જે. પાર્ક એપાર્ટમેન્ટ", ફલેટ નં. ૪૦૧, મહારાજા અગ્રસેન ભવનની પાછળ, સીટી લાઈટ રોડ, સુરત મૂળ સર્વે નં. ૨૬/૩, ટી.પી સ્કીમ નં. ૪ (ઉમરા), લાગુ પડતા સર્વે નં. ૨૬, ફા. પ્લોટ નં. ૩૪, વાળી બિલ્ડીંગના માલિકોના પાવરદાર શ્રી ગજેન્દ્ર સિંહ માનસિંહ જાડેજા પાસેથી મારા અસીલ ઉપરોક્ત ફલેટ નં. ૪૦૧ ખરીદવા માંગે છે, પાવર આપનારા પૈકી નરેશ પ્રિતમલાલ મલીક, ગીતાબેન નરેશભાઈ મલીક, પ્રિતમલાલ ફતેહચંદ મલીક, લાજબેન પ્રિતમલાલ મલીક, ગાયત્રીબેન બિપીનકુમાર જાડેજા તેમજ હિરાકુંવરબા માનસિંહ જાડેજા વિગેરેને પણ આ બાબતે આ જાહેર ચેતવણીથી જાણ કરવામાં આવે છે. આ જાહેર ચેતવણી પ્રસિદ્ધ થયેથી કોઈપણ શખ્સને "બી.જે. પાર્ક એપાર્ટમેન્ટ"ના ફલેટ નં. ૪૦૧ બાબતે કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તેઓએ દિન-૭ માં અમોને લેખીતમાં પુરાવા સહીત જાણ કરવી. જો સમય મર્યાદામાં કોઈ વાંધાઓ આવશે નહી તો પાવર ઓફ એર્ટની હોલ્ડર નામે ગજેન્દ્રસિંહ માનસિંહ જાડેજા મારા અસીલને પાકો રજીસ્ટાર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે જેની નોંધ લેવા વિનંતી છે. પાવર ઓફ એર્ટની તા.૦૨/૦૮/૨૦૦૩ ના રોજ આપવામાં આવેલ હતો. જે હાલ અમલમાં છે અને રદ થયો નથી.

તા. ૨૪/૦૩/૨૦૨૬, સુરત.
અમારી મારફત :
સલિલ આર. કીનખાબવાલા તે ખરીદનારના એડવોકેટ
બી.એસ.સી.એલ.એલ.બી. (એડવોકેટ)
સરનામું : ૨૦૧, 'સાકાર', અથુગર સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો. ૯૮૨૫૧ ૮૩૦૯૦.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, **સુરત** ડીસ્ટ્રીકટ, **અડાજણ** સબ–ડીસ્ટ્રીકટ, **મોજે ઈચ્છાપોરના રેવન્યુ સર્વે/બ્લોક નંબર–૭૭૩** પૈકીની રેસીડેન્સીયલ ઝોન વિસ્તારની બિનખેતીની જમીનમાં આયોજીત **''ઈચ્છાપોર ઈન્ડસ્ટ્રીયલ કો. ઓ. સર્વીસ સો. લી''** નામથી ઓળખાતી સોસાયટીના રેસીડેન્સીયલ પ્લોટો પૈકી **પ્લોટ નંબર–૧૨ (શેર સર્ટીફીકેટ નંબર–૧૩ અને શેરની સંખ્યા નંબર–૬૧ થી ૬૫)** ના ખુલ્લા પ્લોટોવાળી મિલ્કત કે જે **પ્લોટનું ક્ષેત્રફળ ૧૦૨.૨૪ ચો.મી.** થી નોંધાયેલી મિલ્કતો રેકર્ડ ઉપરના માલીકો એવા **અશ્વિનકુમાર મોહનલાલ શેઠવાલાનાએ** મિલ્કતો પોતાની સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટાની તથા ચોખ્ખી અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું અને સદરહુ મિલ્કતનો વેચાણ કરવાનો તેઓને એકલાને સંપૂર્ણ હક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહુ મિલ્કતોમાં કોઈના કોઈપણ પ્રકારના લાગ, ભાગ, હક, હિત, સંબંધ, ખોરાકી, પોષાકી કે કોઈ પ્રકારના ઈઝમેન્ટના હકો વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭**ની મુદતમાં લેખિત પુરાવા સહિત તેની મને લેખિત ખાતરી કરાવવી, અન્યથા સદરહુ મિલ્કતો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક, હિત સંબંધ વિગેરે નથી તેમ ગણી, અગર તો હોય તો તે વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે, તેમ ગણી મારા અસીલ સદરહુ મિલ્કતોનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તેમાં કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૨૪–૦૩–૨૦૨૬
ઠેકાણું : ૫૦૫, 'વિઝન', શેલ પેટ્રોલ પંપની સામે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત.

પ્રાજલ કે. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

અસલ રજી.રસીદ (આર.આર.) ગુમ થયાં અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ શહેર સુરતના કતારગામના વિસ્તારમાં આવેલ મોજે કતારગામના રે.સર્વે નં. ૨૪૯ પૈકી થી નોંધાયેલ જમીનમાં આવેલ કૈલાશ નગર સોસાયટીમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી સુરત મહાનગરપાલિકાએ મંજુર કરેલા પ્લાન મુજબ પ્લોટ નં. ૪૧ જેનું ક્ષેત્રફળ ૧૨૫.૬૯ સમ ચો.મી. છે તે ખુલ્લા પ્લોટવાળી મિલકત તથા તેને અંદરના તથા બહારના લાગતા વળગતા તમામ હક્કો સહિતની મિલકત.

ઉપરોકત દર્શાવેલ મિલકત અંગે નીચે દર્શાવેલ માલિકે, નીચે જણાવેલ અસલ રજીસ્ટર્ડ દસ્તાવેજની રજી. રસીદ (આર.આર.) ગેરવલ્લે યાને ગુમ થયેલ છે અને મળી આવેલ નથી એમ જણાવેલ છે. મજકુર અસલ રજીસ્ટર્ડ દસ્તાવજની રજી. રસીદ (આર.આર.) જો કોઈના કબજામાં હોય તેમજ કોઈપણ વ્યકિત યા સંસ્થા કે બેંકનો કોઈપણ પ્રકારનો હકક અધિકાર ચાલી આવેલ હોય તો તેઓએ આ નાટીસથી દિન-૭ માં ખરી નકલ સાથેનો પુરાવો હમોને પુરો પાડવો. જો મુદત દરમિયાન કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંક વતી કોઈપણ પ્રકારના વાંધા, વિરોધ કે પુરાવો આપવામાં આવશે નહિ તો મુદત વિત્યા બાદ કોઈની કોઈપણ તરતકરાર ચાલશે નહિ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

હાલના માલિક : શ્રીમતી કલ્પનાબેન મહેશકુમાર ઘારીયા
ગુમ થયેલ દસ્તાવેજ : અનુક્રમ નંબર : ૯૨૪૭ થી તા. ૩૦/૦૬/૧૯૯૮ ના રોજના વેચાણ દસ્તાવેજની અસલ રજી. પાવતી. (આર.આર.)
**અમારી સુચના તથા જાણથી, શ્રીમતી કલ્પનાબેન મહેશકુમ